હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

આ દિવાબત્તીનું એક કામ રહી ગયું હતું... એ કસર મોદીજીએ પુરી કરી દીધી...

પાલજ પાસે જુગાર રમતા ૩ શકુનીઓ ઝડપાયા

ચિલોડા પોલીસના કર્મચારીઓ પેટ્રોલીંગમા હતા તે સમયે પાલજ ગામના પાદરે ગૌચર જમીનમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે, તેવી બાતમી પોલીસને મળતા પોલીસે રેઈડ પાડી હતી. લોકડાઉનની સ્થિતિ વચ્ચે જુગાર રમતા ત્રણ શખ્સોની પોલીસે અટકાયત કરી છે. જેમાં પાલજ ગામના ગૌતમ રતિલાલ વાઘેલા, ભરત શંકરભાઈ વાઘેલા, કમલેશ દેવજીભાઈ વાઘેલા પોલીસેના હાથે રંગેહાથ ઝડપાઈ ગયા હતા. જયારે અન્ય ચાર જુગારીઓ નાસી છુટવામાં સફળ રહ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને ૧૭૦૦ રોકડા અને એક મોબાઈલ જપ્ત કર્યા છે. જયારે નાસી છુટેલા જુગારીઓના નામ પુછતા નવઘણ ગોંવિદભાઈ ઠાકોર, પ્રહલાદજી જવાનજી ઠાકોર, વિજય વિષ્ણુભાઈ રાવળ, તેમજ વિનોદ બબાભાઈ રાવળ હોવાનું સામે આવ્યું હતું.જેને પગલે ચિલોડા પોલીસે તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

શહેરી-ગ્રામ્યમાં ૫૦થી વધુ નાગરિકો સામે જાહેરનામા ભંગની ફરિયાદ

ગાંધીનગર, તા.૫

સમગ્ર વિશ્વમાં કહેર મચાવનાર કોરોનાના દર્દીઓ ભારત અને ગુજરાતમાં પણ દિવસે ને દિવસે વધી રહ્યા છે. લોકડાઉનની સ્થિતિ વચ્ચે કોરોનાને ફેલાતા અટકાવવા માટે તંત્ર દ્વારા તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. ત્યારે કોરોનાની કટોકટીના સમયે ગાંધીનગર શહેર-જિલ્લામાં લોકડાઉનની પરિસ્થિતિ વચ્ચે કામ વિના આંટાફેરા મારવા માટે બહાર નીકળેલા અને એકઠા થઈને ટોળે વળીને બેસી રહેલા શહેરી-ગ્રામ્ય વિસ્તારના વિવિધ સ્થળેથી ૫૦ થી વધુ નાગરીકો સામે જાહેરનામા ભંગની ફરીયાદ પોલીસ દ્વારા નોંધવામાં આવી છે.

લોકડાઉન વચ્ચે જાહેરનામા ભંગ બદલ ગાંધીનગર શહેરી-ગ્રામીણ વિસ્તારમાંથી ઝડપાયેલા નાગરીકો

- ભાટ પાસે પંકજકુમાર પૃથ્વીસિંહ ઠાકોર પાન મસાલાનું વેચાણ કરતો હતો.
- ચિલોડા પાસે છાપરામાં અવતાસિંગ ઉર્ફે શ્લોકસિંગ લુહાર, જીતુસિંગ દરબારસિંગ લુહાર, ત્રિલોકસિંહ દરબારસિંહ લુહાર ટોળે વળીને બેઠા હતા.
- ડભોડા આતાજીના છાપરા વિસ્તારમાં મહેશસિંહ કાંતિસિંહ સોલંકી, પ્રવિણજી લાલાજી સોલંકી,કામ વિના ફરતા હતા.
- વીરા તલાવડીથી અજય બળદેવજી ઠાકોર, વિજય ઉદાજી ઠાકોર, વિક્રમ પોપટજી મકવાણા,વિપુર રમેશજી મકવાણા
- વલાદથી મહેન્દ્ર મંગાજી સોલંકી અને ગલુદણલાલાજી ગોવિંદજી ઠાકોર અનેકેતુલ પરેશ પટેલ એકઠા થઈને બેઠા હતા.
- વડોદરા ગામે ભુપતસિંહ હરિસિંહ રાઠોડ,સંજયસિંહ મહેન્દ્રસિંહ બિહોલા
- ઉનાવા ગામે એકઠા થયેલા ત્રણ ગ્રામજનો પોલીસને જોઈને દોડી ગયા હતા પોલીસે દુકાનના સીસીટીવી ફુટેજને પગલે જીગ્નેશ ચમનભાઈ પટેલ, જીગર ભીખાભાઈ પટેલ, મૌલિક ભીખાભાઈ પટેલનો સમાવેશ થાય છે.
- પેથાપુર પાસે પાનનો ગલ્લો ખુલ્લો રાખીને બેઠેલા વિજયસિંહ અર્જુનસિંહ ડાભી સામે ફરીયાદ નોંધાઈ હતી
- પેથાપુર રીક્ષામાં મુસાફર લઈને જતા જયંતિભાઈ દંતાણી અને પુન્દ્રાસણના રીક્ષાચાલક સુરેશજી રમણજી ઠાકોર
- કોલવડા ગામથી રાકેશ હિરાભાઈ પરમાર, સાહિલ મહેશભાઈ પ્રજાપતિ, પુનીત શકરાભાઈ પ્રજાપતિ, કિરીટ શંકરભાઈ પ્રજાપતિ, મહેન્દ્ર જગાભાઈ પ્રજાપતિ, જયારે પટેલ ભાગોળથી વિપુલસિંહ જવાનસિંહ સોલંકી, દિનેશજી કરશનજી ઠાકોર,અમિત રેવાજી ઠાકોર, અને પ્રવિણ નાથાલાલ પટેલનો સમાવેશ થાય છે.
- રાંધેજા ગામથી રવિ ગોવિંદભાઈ સલાટ, અમરતભાઈ કેશભાઈ રાવળ,રાજેન્દ્ર બળદેવભાઈ પટેલ, દિનેશ જયંતિલાલ પટેલ
- વાવોલ વિજય એપાર્ટમેન્ટ પાસેથી ટોળે વળીને બેઠેલા કૌશિકભાઈ નટવરલાલ માધાણી, અભિજીત વ્રજલાલ મિસ્ત્રી, પ્રશાંતભાઈ નાથાલાલ પટેલ, આનંદ શાંતિલાલ પંચાલ, પ્રકાશ વિશંનદાસ ભગ્તાણી, દિલિપકુમાર નવનીતલાલ ત્રિવેદીનો સમાવેશ થાય છે.
- કુડાસણ ગુડાના મકાન પાસેથી રામદેવ માલદેવ બારીયા, નરેન્દ્રકુમાર કાંતિલાલ પંચાલ, રાજેશકુમાર નાથાલાલ જાની, ડાહ્યાભાઈ મોતીભાઈ જોશી
- ઈન્દ્રોડા ખાતેથી મહોતજી ભવાનજી ઠાકોર, વિનોદ રાકેશજી સંજય ભીખાજી ઠાકોર, પોપટજી ખોડાજી ઠાકોર, નટવરજી બળદેવજી ગોહિલ ઝડપાયા હતા.

સેકટર-૨૪માં મહાનગરપાલિકાની ઢોરપકડ ટીમ પર જીવલેણ હુમલો

૭ ઇસમો સામે નામજોગ તેમજ ૨૦ વ્યક્તિના ટોળા સામે ફરિયાદ કરાઈ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ ખાતે મહાનગર પાલિકાની ઢોરપકડ પાર્ટી પર બનેલા હુમલાના બનાવમાં ૭ ઈસમો સામે નામજોગ અને ૨૦ વ્યકિતના ટોળા સામે ગુનો નોંધાયો છે. ગાંધીનગર મનપા કચેરીમાં ઢોર પકડ પાર્ટીમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા મિતુલકુમાર ચૌહાણે સેકટર-૨૧ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે.

મળતી માહિતી મુજબ મનપાની ઢોર પકડ પાર્ટી દ્વારા ગતરોજ સાંજના સુમારે સેકટર-૨૩-૨૪ પાસે કેટલીક ગાયો છુટી ફરતી હતી. જેને પગલે તેને વૃક્ષ સાથે બેસીને ઢોર ડબ્બો નજીક બોલાવી ગાયોને ડબામાં ચઢાવવાની કામગીરી ચાલી રહી હતી. આ સમયે ૧૫ થી ૨૦ શખ્સો આવી ગયા હતા અને કર્મચારીઓ સાથે બોલાચાલી કરવા લાગ્યા હતા.

આ શખ્સોએ ઢોર પકડ પાર્ટીના કર્મચારીઓને લાકડીઓ વડે ડરાવીને ધમકાવીને કામગીરીમાં અવરોધ ઉભો કર્યો હતો. તેમ છતા કર્મચારીઓએ પોતાની કામગીરી કાર્યરત રાખતા તેઓએ પથ્થરમારો શરુ કર્યો હતો.જેમાં ફરીયાદીને માથાના ભાગે ઈંટ વાગતા લોહી નીકળતા સારવાર માટે લઈ જવાયા હતા. જયારે અન્ય કર્મચારીઓને પણ શખ્સોએ ગડદાપાટુનો માર મારી ઈજા પહોંચાડી હતી.

જેથી મનપાના ઈજાગ્રસ્ત કર્મચારી મિતુલકુમાર ચૌહાણે સેકટર-૨૪ ખાતે રહેતા રામાભાઈ સોમાભાઈ દેસાઈ, લલ્લુભાઈ દેસાઈ, સીતાબેન રામાભાઈ દેસાઈ, રૂત્વીક રામાભાઈ દેસાઈ, રણછોડભાઈ સોમાભાઈ દેસાઈ, અભાભાઈ કમશીભાઈ દેસાઈ, નારણભાઈ સોમાભાઈ દેસાઈ સહિત ૧૫ થી ૨૦ ના ટોળા સામે ફરીયાદ નોંધાવી હતી.સેકટર-૨૧ પોલીસે તમામ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર અને નવા ગાંધીનગરને જોડતો ક્રોસ રોડે એટલે રીલાયન્સ ચોકડી. અહી ગાંધીનગરથી નવા ગાંધીનગરમાં આવવાના રસ્તા પરના ડીવાઈડર પર બે કેમેરા ગોઠવેલ હતા જે અગમ્ય કારણોથી મોજુદ નથી. ત્યાંની સ્થિતિ જોતા લાગે છે કે કોઇ તોફાની તત્વોએ તે તોડી નાખ્યા છે. અત્યારના અતિ સંવેદનશીલ સમયમાં તે ત્યાં હોવા જોઈએ.

સમગ્ર અર્થતંત્ર ઠપ્પ થઈ ગયુ છે. શ્રમિકો કામ વિનાના થઈ ગયા છે. રોજનું કમાઈને ખાનારાઓ માટે મુશ્કેલીના દિવસો છે. શ્રમિકો-જરૂરિયાતમંદોને તકલીફ ન પડે તે માટે સેવાભાવી સંસ્થાઓ આગળ આવી છે. શ્રમિકોને ભોજન-નાસ્તો મળી રહે તે માટે સેવાભાવી યુવકો સતત કાર્ય કરી રહ્યાં છે.

લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ હેરીટેજ અને એસઆરપી ગ્રુપ-૧૨ દ્વારા જરૂરિયાતમંદોને અનાજનુ વિતરણ

લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ હેરીટેજ અને એસઆરપી ગ્રુપ-૧૨ દ્વારા અમદાવાદ હેરીટેજ અને એસઆરપી ગ્રુપ-૧૨ દ્વારા અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

જરૂરિયાતમંદ વ્યક્તિઓ અને વિધવાઓને અનાજની કીટનુંવિતરણ કરવામાં આવ્યુ હતુ. ગાંધીનગરના વોર્ડ નં. ૧, સેક્ટર-૨૭ ખાતે જરૂરીયાતમંદ વ્યક્તિઓ અને વિધવાઓને લાયન્સ ક્લબ ઓફ લાયન્સ ક્લબના પ્રમુખ સુનિલભાઈ ત્રિવેદી, મનોજભાઈ સરૈયા, સામાજિક કાર્યકર્તાઓ એ.કે. ચૌહાણ, ચાવડા સાહેબ, મુકેશભાઈ ગોસ્વામી, ભીખાભાઈ પટેલે ઉપસ્થિત રહી કીટનુંવિતરણ કર્યુહતુ.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગરના મામલતદાર સુનીલ રાવલે આજે સ્વૈચ્છીક સંસ્થાઓ જે ભોજન સેવા સાથે સંકળાયેલી છે તેમને ભોજનનો બગાડ ના થાય તે માટે અસરગ્રસ્તોની યાદી તંત્ર પાસેથી મેળવી તે લોકોને જ પહોંચાડે તેવો આગ્રહ કર્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં સોશિયલ ડિસ્ટન્ટ ખરીદી દરમ્યાન સસ્તા અનાજની દુકાનોમાં જળવાઈ રહે તે માટે વિવેકાનંદ યુવક મંડળના હોદ્દેદારોને જવાબદારી સોંપવા માટેની વિચારણા હાથ ધરી છે.
- ગાંધીનગર શહેરમાં ભાજપ અને કોંગ્રેસના આગેવાનો દ્વારા વિવિધ વોર્ડમાં ઘરે ઘરે ફરી સેનેટાઈઝર અને માસ્ક વિતરણની કામગીરી હાથ ધરવામાં આવી છે.
- ડે. મેયર અને ભાજપના અગ્રણી નાઝાભાઈ ધાંધર દ્વારા વ્યક્તીગત રીતે ખુલ્લામાં રહેતા શ્રમજીવી પરિવારોને એક સપ્તાહ ચાલે તેવી અનાજની કીટનું વિતરણ કરી રહ્યા છે. આ કીટમાં મગ, લોટ, ગોળ, તેલ તેમજ મીઠુ સહિતની ચીજો છે.
- કેન્દ્રના આરોગ્ય સચિવે આજે રાજ્યોના આરોગ્ય સચિવો સાથે વિડીયો કોન્ફરન્સ કરી અને પરિસ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.
- કોરોનાના નોંધાયેલા કેસોમાં ભારત અને વિશ્વની સરખામણીએ ગુજરાતમાં મૃત્યુદર વિશેષ હોવાનું વિશ્વેલકો કહી રહ્યા છે.

ઘરમાં રહો સુરક્ષિત રહો

વિશ્વના ૨૦૬ દેશો વચ્ચે કોઇ યુદ્ધ નથી, વેપન્સ નથી છતાં ૧૨.૧૦ ઘાયલ અને ૬૫,૦૦૦નાં મોત

ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત

કોરોના વાયરસના સંક્રમણના કારણે વિશ્વના દેશોમાં કુલ ૧૨.૧૦ લાખ લોકો વિવિધ હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યાં છે. આ એવી મહામારી છે કે જેના કારણે આધુનિક મેડીકલ સાયન્સ અને વિજ્ઞાનના સમયે પણ ૬૫૦૦૦ લોકોએ તેમના જીવન ગુમાવ્યા છે. સમગ્ર વિશ્વમાં એકપણ દેશના વૈજ્ઞાનિક હજી કોરોના સામે લડી શકાય તેવી રસી કે દવા બનાવી શક્યા નથી. વિશ્વ આરોગ્ય સંગઠને આ મહામારીને કાતીલ કહી છે,

કુદરતી સંપદાથી છલકાતાં નેપાળમાં ૮ અને ભૂતાનમાં ત્રણ કેસ, કોઇ મૃત્યુ નહી

જેમાં ડેવલપ કન્ટ્રીની સાથે ડેવલપ કરી રહેલી કન્ટ્રીને પણ સહન કરવાનો વારો આવ્યો છે. ડીસેમ્બરના અંતમાં ચીનના વુહાનમાં ફેલાયેલો આ રોગચાળો અત્યારે વિશ્વના ૨૦૬ જેટલા નાના-મોટા દેશોમાં ફેલાયેલો છે. મેડીકલ સાયન્સ માટે આ એક સૌથી મોટો પડકાર છે. અત્યારના વિકસિત મેડીકલ સાયન્સ લોકોની જીવનદોરી વધારી રહ્યું છે ત્યારે અસાધ્ય બની રહેલી મહામારીને નાબૂદ કરવામાં વૈજ્ઞાનિકો દિન-રાત પ્રયાસ કરી રહ્યાં છે. મહત્વની બાબત એવી છે કે કોરોના વાયરસના સંક્રમિત દર્દીઓની ૧૨.૧૦ લાખની સંખ્યા સામે અત્યારે ૧.૪૮ લાખ દર્દીઓ રિકવર્ડ થયાં છે. રિપોર્ટ એવો છે કે હજી પણ ૪૪૨૦૦ જેટલા દર્દીઓ સિરીયસ અથવા તો ક્રિટીકલ કન્ડીશનમાં છે.

કેસ અને મૃત્યુઆંક એકસાથે વધી રહ્યો છે...

વિશ્વના દેશોમાં કોરોનાના પોઝિટીવ કેસ અને મૃત્યુઆંક એકસાથે વધી રહ્યાં છે. જેને આપણે વિકસિત દેશોની હરોળમાં મૂકીએ છીએ તેવા અમેરિકામાં કોરોના વાયરસના પોઝિટીવ કેસોની સંખ્યા ૩.૧૨ લાખ થવા જાય છે જે સમગ્ર વિશ્વમાં એક વિક્રમી સંખ્યા છે. એકલા અમેરિકામાં અત્યાર સુધીમાં કુલ ૮૫૦૦ લોકોના મોત થઈ ચૂક્યાં છે, જ્યારે ૧૫૦૦૦ દર્દીઓ રિકવર્ડ થયાં છે. કહેવાય છે કે અમેરિકામાં હાલની સ્થિતિએ હજી ૮૩૦૦ દર્દીઓ ક્રિટીકલ સ્થિતિમાં છે. વિશ્વમાં સૌથી વધુ કેસો છે તેવા બીજા નંબરના સ્પેનમાં ૧.૨૭ લાખ કેસો છે અને મૃત્યુઆંક ૧૨૦૦૦ ઉપર પહોંચી ચૂક્યો છે. સ્પેનમાં હજી પણ ૬૬૦૦ દર્દીઓ ક્રિટીકલ સ્થિતિમાં છે. ત્રીજાક્રમે ઈટાલીમાં કેસોની સંખ્યા ૧.૨૫ લાખ પહોંચી છે પરંતુ આ દેશમાં મોતનો આંકડો સમગ્ર વિશ્વમાં સૌથી વધુ છે. ઈટાલીમાં ૧૫૪૦૦ લોકોના મોત થયાં છે. ૯૬૧૦૦ સાથ જર્મની ત્રીજાક્રમે અને ૯૦૦૦૦ સાથે ફ્રાન્સ ચોથાક્રમે આવે છે. આ બન્ને દેશોમાં મૃત્યુઆંક અનુક્રમે ૧૫૦૦ અને ૭૬૦૦ જોવા મળ્યો છે. કોરોનાના ઉદ્ગમસ્થાન એવા ચીનમાં કોરોનાના પોઝિટીવ કેસોની સંખ્યા ૮૧૭૦૦ ઉપર સ્થિર જોવા મળી છે. આ દેશમાં મોતનો આંકડો ૩૩૩૫ છે. મૃત્યુઆંકમાં ભારે માત્રામાં ઘટાડો થયો છે. ચીનમાં સિરીયસ કન્ડીશનમાં હોય તેવા કેસોની સંખ્યા માત્ર ૨૯૫ છે.

કુદરતી સંપદા જ્યાં છે ત્યાં કેસો ખૂબ ઓછા છે...

કુદરતી સંપદા જ્યાં છે તેવા પ્રદેશોમાં કોરોના વાયરસના પોઝિટીવ કેસોની સંખ્યા ખૂબ ઓછી જોવા મળી છે. ભારતના પડોશી દેશ ભૂતાનમાં અત્યાર સુધીમાં માત્ર પાંચ કેસો સામે આવ્યા છે જે પૈકી બે કેસોમાં રિકવરી થયેલી છે. ભૂતાનમાં કોરોનાના કારણે એકપણ વ્યક્તિનું મૃત્યુ થયું નથી. ભૂતાનની ગણના એક પ્રવાસન કન્ટ્રી તરીકે થાય છે છતાં ત્યાં કેસોની સંખ્યા ખૂબ ઓછી છે. એવી જ રીતે નેપાળ પણ ટુરિસ્ટ ડેસ્ટીનેશન હોવા છતાં કોરોના વાયરસના પોઝિટીવ કેસોની સંખ્યા માત્ર નવ નોંધાયેલી છે જે પૈકી એક કેસમાં રિકવરી થઇ છે. નેપાળમાં પણ કોઈપણ વ્યક્તિનું મૃત્યુ થયું નથી. કુદરતનો કરિશ્મા જ છે. આ બન્ને દેશો ઉપરાંત જેની અત્યંત નાના દેશો તરીકે ગણના થાય છે તેવા પાપુઆ ન્યુ ગુનેઆ, તિમોર-લેસ્ટ અને ફાલ્કલેન્ડ-ઈસલેન્ડમાં માત્ર એક-એક કેસ જોવા મળ્યો છે.

દેશમાં લોકલ ટ્રાન્સમિશનથી સંક્રમણમાં વધારો, ૨૯ રાજ્યોમાં મહારાષ્ટ્ર ટોચ પર

અમેરિકામાં સૌથી વધુ પ્રભાવિત ન્યૂયોર્ક છે...

અમેરિકામાં સૌથી વધુ કોરના વાયરસના સંક્રમણથી પ્રભાવિત કોઈ પ્રદેશ હોય તો તે ન્યૂયોર્ક છે. ૧.૧૫ લાખ કેસ અને સૌથી ઉંચા ૩૬૦૦ના મોત સાથે ન્યૂયોર્કે વિક્રમ સર્જ્યો છે. ન્યૂયોક્રની બાજુમાં આવેલા ન્યૂજર્સીમાં ૩૫૨૦૦ કેસ છે પરંતુ મૃત્યુઆંક ૮૫૦નો છે. મિશીગનમાં ૧૪૩૦૦ કેસ છે અને મૃત્યુઆંક ૫૪૫ છે. કેલિફોર્નિયામાં ૧૪ હજાર, ફ્લોરિડામાં ૧૦૫૦૦ અને વોશિંગ્ટનમાં ૭૬૦૦ જેટલા કેસો છે.

ભારતમાં સૌથી વધુ કેસો મહારાષ્ટ્રમાં છે...

કોરોના વાયરસની ઝપટમાં ભારતના રાજ્યો આવી ચૂક્યાં છે. દેશમાં રવિવારે સવારે કુલ ૩૫૮૮ કેસો નોંધાયેલા છે. દેશના વિવિધ રાજ્યોમાં કુલ ૯૯ (સત્તાવાર ૭૭) લોકોના મોત થયાં છે. રિકવર પેશન્ટની સંખ્યા ૨૨૯ જોવા મળી છે. મહારાષ્ટ્રમાં સૌથી મોટો ખતરો એશિયાની વિશાળ ઝૂંપડપટ્ટી ધારાવી છે કે જ્યાં કોરોના પોઝિટીવના દર્દીઓ મળ્યાં છે. ભારતમાં સૌથી વધુ ૬૯૦ પોઝિટીવ કેસ મહારાષ્ટ્રમાં નોંધાયેલા છે. આ રાજ્ય ભારતમાં ટોચનું સ્થાન ધરાવે છે. બીજાક્રમે ૪૯૦ સાથે તામિલનાડુનો ક્રમ આવે છે. એ ઉપરાંત ૪૫૦ કેસો દિલ્હીમાં થયેલા છે. કેરાલામાં ૩૦૬, તેલંગાણામાં ૨૭૨, ઉત્તરપ્રદેશમાં ૨૩૫, રાજસ્થાનમાં ૨૧૦, આંધ્રપ્રદેશમાં ૧૯૨, મધ્યપ્રદેશમાં ૧૭૯, કર્ણાટકમાં ૧૪૪ અને ગુજરાતમાં ૧૨૨ કેસ થયેલા છે. ભારતમાં ૨૧ દિવસના લોકડાઉન છતાં કોરોના વાયરસના પોઝિટીવ કેસોની સંખ્યા વધતી જાય છે, જો કે બીજા દેશોની સરખામણીએ આંકડામાં એટલો મોટો ઉછાળો આવ્યો નથી. ભારતના ૨૯ રાજ્યોમાં કોરોના પોઝિટીવ કેસો ફેલાયેલા છે, જો કે ૧૦૦નો આંક વટાવી ચૂકેલા રાજ્યોની સંખ્યા ૧૧ જોવા મળી છે. દેશમાં મિઝોરમમાં માત્ર એક અને મણીપુરમાં બે કેસ સામે આવ્યા છે.

મહામારીનું વર્લ્ડવોર, જેમાં હથિયાર વાયરસ છે...

વર્ષોથી કહેવાઇ રહ્યું છે કે વિશ્વના દેશો વચ્ચે વૈમનસ્ય વધતાં ત્રીજું વિશ્વયુદ્ધ ફાટી નિકળશે પરંતુ વર્લ્ડવોર તો ના થયું પરંતુ મહામારીનું યુદ્ધ શરૂ થઇ ચૂક્યું છે. સૌથી વધુ કાતીલ એવા કોરોના વાયરસથી લોકો ટપોટપ મરી રહ્યાં છે. આ વાયરસની હજી સુધી કોઈ સચોટ દવા કે રસી શોધી શકાઇ નથી. મેડીકલ સાયન્સ અને સાયન્ટીસ્ટ લાચાર છે. પ્રયાસ કરે છે પરંતુ હજી સફળતા મળતી નથી. આ વર્લ્ડવોરમાં વિવિધ દેશો બોર્ડર પર આવ્યા નથી. કોઇના હાથમાં પરમાણું બોમ્બ નથી. કોઇ વેપન્સ નથી. સૈનિકો સામ-સામે આવ્યા નથી. આકાશમાં યુદ્ધ વિમાનો ઉડતા નથી. મિસાઈલો ગોઠવાઈ નથી. સરહદ પર ટેન્ક નથી. સમુદ્દ્રમાં સબમરીન નથી. હા, એક સૈનિક છે જે નિર્દોષતાથી માનવ બોમ્બ બનીને આવે છે અને નજીકના મિત્રો, સ્નેહીજનો તેમજ બહોળા સમુદાયને ભરખી જાય છે. કોરોના વાયરસનો ચેપ લગાડી જાય છે અને પછી જે તે દેશમાં ઉજાગરા શરૂ થાય છે. લોકડાઉન અને સોશ્યલ ડિસ્ટન્સિંગ નહીં રાખનારા દેશોને અત્યારે પસ્તાવો થઇ રહ્યો છે.

પોઝિટીવ કેસોમાં અમેરિકા ફર્સ્ટ – એકલા ન્યૂયોર્કમાં ૧.૨૫ લાખ જેટલા વિક્રમી કેસ

ભારત આધ્યાત્મ ગુરૂ છે અને રહેશે...

ભારતને વિશ્વ આખું આધાત્મ ગુરૂના નામથી ઓળખે છે. ભારતના આયુર્વેદને વિશ્વએ અપનાવ્યું છે. વિવિધ દેશો આજે યોગ અને પ્રાણાયામ કરતા થઇ ગયા છે. કોરોના સંક્રમણના સમયમાં ચીન પછી સૌથી વધુ વસતી ધરાવતા દેશમાં કોરોના કેવો કહેર મચાવે છે તે જોવા માટે વિશ્વના દેશોની નજર ભારત પર સ્થિર થયેલી છે પરંતુ તેઓને આશ્ચર્ય થાય છે કે ભારતમાં આટલા ઓછા કેસ કેમ છે. ભારતમાં આધ્યાત્મિકતા કહો કે લોકોની શ્રદ્ધા, ભક્તિ અને શક્તિ – મહામારીને કાબૂમાં લેવા માટે ભારત સક્ષમ છે તે ૧૨૫ કરોડની જનતાએ સાબિત કરી દીધું છે.

હાલના સમયમાં કોઇએ સાચું જ કહ્યું છે કે ---

"જો કભી રોશની, દૂર તક ન દિખે
જુંદગી મેં કભી, જુંદગી કમ લગે...
જો કભી આદમી, સે ડરે આદમી
જો દિલો મેં કભી પ્યાર કી હો કમી...
ભટકે ન તેરા ઇસાં, કોઇ રાસ્તા નિકાલ લેના
માલિક સંભાલ લેના, હમકો સંભાલ લેના
હિંમત હમે તૂ દેના, માલિક સંભાલ લેના..."

કહેવાય છે કે આપદા સમયે ભગવાન આપણને યાદ આવે છે. આજે મંદિરો બંધ છે પરંતુ લોકો ભગવાનને પ્રાર્થના કરી રહ્યાં છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પહેલાં ૨૨મી માર્ચે જનતા કરફ્યુ દરમ્યાન ઘંટ, થાળી અને વાજીંત્રો વગાડવાની અપીલ કરી હતી તેવી રીતે ૨૧ દિવસના લોકડાઉન દરમ્યાન પમી એપ્રિલે ઘરની ચોખટ પર અથવા બાલ્કનીમાં દીવો કરવાની અપીલ કરી હતી. આમ કરવા પાછળ તેમનું વૈજ્ઞાનિક કે ખગોળિય ગણિત હોવાનું સમજાય છે. તેમના શબ્દોમાં ભારતની જનતાને વિશ્વાસ છે તેથી ભારતમાં આજે વિશ્વના દેશોની સરખામણીએ ખૂબ ઓછા પોઝિટીવ કેસો જોવા મળી રહ્યાં છે.